# ટેકનીકલ સલાહકારની નિમણૂંક માટેનું અરજી ફોર્મ

| પાસપોર્ટ સાઇઝનો ફોટો |
|---|

૧. **નામ:**

૨. **કાયમી સરનામું:**

ટેલીફોન નંબર મોબાઇલ નંબર

ઇ-મેઇલ :

૩. **હાલનું સરનામું:**

ટેલીફોન નંબર મોબાઇલ નંબર

ઇ-મેઇલ :

૪. **જન્મ તારીખ:** **કેટેગરી:**

૫. **શૈક્ષણિક લાયકાતની વિગત:**

| અ.નં. | પાસ કરેલ પરીક્ષા | વર્ષ | યુનિવર્સિટી | ગ્રેડ/ટકા | ખાસ વિષય |
|---|---|---|---|---|---|
| ૧. | | | | | |
| ૨. | | | | | |

૬. **અનુભવની વિગત:**

| અ.નં. | હોદ્દો | સંસ્થા/કચેરીનું નામ અને સરનામું | તારીખથી | તારીખ સુધી | કુલ સમયગાળો |
|---|---|---|---|---|---|
| ૧. | | | | | |
| ૨. | | | | | |

૭. **હાલની ફરજનું સ્થળ:**

ઉમેદવારની સહી

**નોંધ:** લાયકાત ધરાવતાં ઉમેદવારોને મોબાઇલ નંબર/ઇ-મેઇલથી ઇન્ટરવ્યુ અંગે જાણ કરવામાં આવશે.

ગૃહ વિભાગના ઠરાવ ક્રમાંક:મહક/૧૦૨૦૧૭/૧૨૩૧/અ તા.૨૩/૮/૨૦૧૭ આધારે State Police CID ક્રાઇમ વિભાગ માટે, રાજયમાં વધતા સાયબર એટેક રોકવા, સાયબર ગુન્હાઓના ઇન્વેસ્ટીગેશનમાં એથીકલ હેકીંગથી મદદ મેળવવા CDR/SDR/IP Addressના Analysis જેવી ટેકનીકલ કામગીરીને વધુ અસરકારક બનાવવા ટેકનીકલ સલાહકારની ૦૧ જગ્યા(એક જગ્યા) માસિક રૂ.૩૦,૦૦૦/-(અંકે રૂપિયા. ત્રીસ હજાર પુરા ) થી ૧૧ માસના કરારના ધોરણે ભરવા માટે નીચે મુજબની શૈક્ષણિક લાયકાત તથા અનુભવ ધરાવતાં ઉમેદવારોએ તા. ૦૭/૧૦/૨૦૧૭ સુધીમાં સાયબર ક્રાઇમ સેલ, સી.આઇ.ડી. ક્રાઇમ અને રેલ્વેઝની કચેરીના ઇ-મેઇલ એડ્રેસ: cc-cid@gujarat.gov.in પર અરજી મોકલવાની રહેશે. પરીક્ષા સંબંધેની તમામ સૂચનાઓ કચેરીની વેબસાઇટ http://cidcrime.gujarat.gov.in વેબસાઇટ પર મુકવામાં આવશે લાયકાત ધરાવતાં ઉમેદવારોને મોબાઇલ નંબર/ઇ-મેઇલથી ઇન્ટરવ્યુ અંગે જાણ કરવામાં આવશે.

**શૈક્ષણિક લાયકાત તથા અનુભવ:**

MSc IT, MCA, IT એન્જીનીયરીંગ B.E. E&C, B.E. કોમપ્યુટર સાયન્સ તેમજ સ્પે. કોર્ષ તરીકે સાયબર ક્રાઇમ ઇન્વેસ્ટીગેશન સાયબર સીકયુરીટી અથવા એથીકલ હેકીંગનો કોર્ષ સરકાર માન્ય સંસ્થા માંથી કરેલ હોવો જોઇએ.

પાંચ વર્ષનો સાયબર સીકયુરીટી અથવા એથીકલ હેકીંગનો અનુભવ ધરાવતા હોવા જોઇએ.

**નિમણૂંક માટેની શરતો:**

(૧) ઉમેદવારને કરારના સમયગાળા દરમ્યાન રૂ.૩૦,૦૦૦/-ના માસીક ફિક્સ પગાર/માનદ વેતન મળશે. તેઓની નિમણુંક કરારના ધોરે ગણવામાં આવશે તથા કરારની મુદ્દત ૧૧ માસની રહેશે.

(૨) ઉભયપક્ષે એક માસની નોટીસ અથવા એક માસના ફિસક પગારની રકમ/માનદ વેતન સાથેનો નોટીસ પગાર આપીને કરારનો અંત લાવી શકાશે.

(૩) નિયત ફિકસ પગાર/માનદ વેતન પાર કોઇપણ જાતના ભથ્થા મળવાપાત્ર થશે નહી.

(૪) કરારના સમયગાળા દરમ્યાન ઉમેદવારને ફિકસ પગાર/માનદ વેતનમાં કોઇપણ પ્રકારનો વધારો કે ઇજાફો મળવાપાત્ર થશે નહી. મોંઘવારી ભથ્થુ, વચગાળાની રાહત અથવા પગારપંચના બીજા લાભો કે સેવા વિષયક અન્ય કોઇ લાભો મળવાપાત્ર થશે નહી.

(૫) કરારના સમયગાળા દરમ્યાન મેડીકલ રીએમ્બસમેન્ટ મળવાપાત્ર થશે.

(૬) કરારના સમયગાળા દરમ્યાન બજાવેલ સેવા/નોકરી પેન્શન, બોનસ, એલ.ટી.સી.,એન્કેસમેન્ટ ઓફ લીવ, પેશગી કે તેવા અન્ય કોઈ નાણાકીય લાભો સરકારશ્રી પાસેથી મેળવવાને પાત્ર ગણાશે નહી.

(૭) કરારના સમયગાળા દરમ્યાન કર્મચારીનું અવસાન થાય તો તેમણે બજાવેલી ફરજના સમયગાળાની ફિકસ પગાર/માનદ વેતનની લેણી રકમ કર્મચારીના કુટુંબીજનોને મળવાપાત્ર થશે પરંતુ બીજા લાભ એકસગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુસાંગીક લાભ મળવાપાત્ર થશે નહી.

(૮) ઉમેદવારને સમાન સંવગર્ના અધિકારીએ જે ફરજો બજાવવાની થતી હોય તેવી ફરજો બજાવવાની રહેશે. તે માટે કચેરીમાં ફરજ પાલનનો જે સમય નયત કરેલ હોય તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે તેમજ પ્રાઇવેટ પ્રેકટીસ જાહેરાતમાં સુચવ્યા મુજબ કરી શકાશે. જાહેર રજાના દિવસોએ પણ સરકારી કામગીરીની જરૂરીયાતને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે. રાજકીય પ્રવૃતિમાં ભાગ લઇ શકાશે નહી.

(૯) ઉમેદવારને કરારના સમય દરમ્યાન વાર્ષિક ધોરણે ૧૧ પરચુરણ રજાઓ મળવાપાત્ર થશે અન્ય કોઇ રજા મળવાપાત્ર થશે નહી. તે સિવાયની રજા ભોગવશે તો તે રજાના દિવસેના પગારની કપાત કરી લેવામાં આવશે. મહિલા કર્મચારીઓને રજાના નિયમો મુજબ પ્રસૃતિ રજાઓ મળવાપાત્ર થશે.

(૧૦) ઉમેદવારે કાર્યમથક પર રહેઠાણ રહેવાનું ફરજીયતા રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકશે નહી.

(૧૧) ફરજના ભાગરૂપે મુખ્ય મથકથી ૮ કિ.મી બહાર જવાનું થાય તો ૬ કલાકથી વધુ ૧૧ કલાક સુધીના રોકાણ માટે વર્ગ-૨ના અધિકારીને મળવાપાત્ર દૈનિક ભથ્થુ મળવાપાત્ર થશે તેમજ મુસાફરી ભાડાપેટે એસ.ટી.બસ/રેલ્વેનું બીજા વર્ગનું ભાડુ મળવાપાત્ર થશે.

(૧૨) કરારના સમયગાળા દરમ્યાનની અસંતોષકારક કામગીરી કે અશિસ્ત બદલ કોઇપણ જાતની નોટીસ આપ્યા સિવાય કોઇપણ સમયે નોકરી સમાપ્ત કરવામાં આવશે.

(૧૩) સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઇ જરૂરી શરતો નક્કી થાય તે પણ બંધનકર્તા રહેશે.

(૧૪) વ્યવસયા વેરાની કપાત નિયમાનુસાર ફિસક પગાર/માનદ વેતનથી કરી લઇેવાની રહેશે.

(૧૫) નિમણુંકના સમય દરમ્યાન તેમણે બજાવેલ સરકારી સેવાની બાબત અંગે કોઇપણ પ્રકારની ફોજદારી કે દીવાની કાર્યવાહી સબબ રાજય સરકારની કોઇ જવાબદારી રહેશે નહી.

(૧૬) કરાર આધારીત ઉચ્ચક વેતનથી/માનદ વેતનથી નિમણુંક પામેલ વ્યક્તિને સરકારી મહેકમ ઉપર સમાવિષ્ટ થવા અંગેનો કઇ હક્ક પ્રાપ્ત થશે નહી.

(૧૭) ઉપરોકત શરતો નિમણુંક પામનાર વ્યક્તિને સ્વીકાર્ય છે તે અંગેનું સંમતિપત્ર મેળવવાનું રહેશે.

(૧૮) આ ભરતી જે તે સંવર્ગના ભરતી નિયમો અનુસાર યોગ્ય લાયકાત ધરાવતાં ઉમેદવારોથી ભરતીની નિયત કરાયેલ પ્રક્રિયાને અનુસરીને જ કરવાની રહેશે અને નિયત અરજી પત્રકમાં આ શરતોનો સમાવેશ કરવાનો રહેશે.

(૧૯) આ કરાર આધારીત ફરજ ઉપર જોડાતા પહેલા શારિરીક યોગ્યતા અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૨૦) કરારથી ફિકસ પગાર/માનદ વેતનથી જોડાનાર વ્યક્તિને કરાર કરવાનું સ્વીકારતા પહેલા તેમની સેવા લેનાર સત્તાધિકારીને યોગ્ય લાગે તો પર્સનલ એકસીડન્ટ યોજના અંતર્ગત વીમો મેળવી લેવાનો, અદ્યતન કરાવવાનો તથા તેનો આધાર કચેરીમાં રજુ કરવાનો રહેશે. આ અંગે વિમાના પ્રિમીયમનો ખર્ચ કચેરી દ્વારા ભોગવવામાં આવશે નહી.

(૨૧) ઇન્ટરવ્યુ માટેની સંભવિત તા.૧૧/૧૦/૨૦૧૭ તથા તા.૧૨/૧૦/૨૦૧૭ રાખવામાં આવેલ છે. લાયકાત ધરાવતાં ઉમેદવારોને મોબાઇલ નંબર/ઇ-મેઇલથી ઇન્ટરવ્યુ અંગે જાણ કરવામાં આવશે.

(૨૨) ઉમેદવાર અરજી પત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવેલ છે તે નંબર, ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી ચાલુ જ રાખવો. જેથી ઇન્ટરવ્યુ અંગેની સૂચનાઓ મોકલી શકાય

(૨૩) ઓનલાઇન અરજીમાં દર્શાવેલ વિગતોના સમર્થનમાં પ્રમાણપત્રો અને પુરાવાઓ ઇન્ટરવ્યુમાં માંગે ત્યારે ઉમેદવારે અસલમાં(ઝેરોક્સ નકલો સહીત) રજુ કરવાના રહેશે. એવા પુરાવા રજુ નહીં કરી કરનાર ઉમેદવારનું અરજીપત્રક "રદ" ગણવામાં આવશે.

(૨૪) આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધીન નિમણૂંક મેળવાને પાત્ર ઠરશે. નિમણૂંક બાબતે સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.